શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૪
અંક : ૨

## સમાજ નું ઘડતર

વળતર ચૂકવવું એ પરંપરા કે વિચારધારા કહી શકાય વૃક્ષને વાવો તો તમને વળતર આપે છે. પાલતુ પ્રાણીને જો પાળો તો તમને બદલામાં એ કંઈ ને કંઈ આપે છે મનુષ્ય સામાજિક પ્રાણી છે તેણે પણ વળતર આપવું જોઈએ પરંતુ મનુષ્ય અમુક સમયે વળતર ચૂકવે છે. અમુક સમયે તેમ કરતો નથી. અમુક સમયે નાદારી નોંધાવે છે વિદ્રોહ કરે છે આના કાની કરે છે. આપે છે તો કમને આપે છે અથવા દેખાવની ભાવના, મજબૂરી, હરીફાઈ, ઈર્ષા, અદેખાઈ સાથે આપે છે. પરંતુ સંપૂર્ણ મનોભાવે આપતો નથી. સમજદાર, હોશિયાર, ચતુરાઈ હોવા છતા મનુષ્ય જીવનનું વળતર આપવામાં કંજૂસ છે. જીવનનું સમાજને વળતર આપવું તો કોને આપવું અને કેવી રીતે આપવું તે સવાલ અત્યાર સુધી વાંચ્યા પછી થશે જ. મારો અહી કહેવાનો મતલબ એ છે કે એ વળતર પોતાને મળેલ મનુષ્ય અવતારને લીધે સમાજ ને આપવુ જોઈએ કારણકે મનુષ્ય સમાજને આભારી છે. સમાજનો ઋણી છે. સમાજ પ્રત્યે મનુષ્યનુ કર્તવ્યનિષ્ઠ હોય તો એક ઉંચા શિક્ષિત સમાજ ની રચના થવી આસાન બની જાય છે. જેના કારણે એક શિક્ષિત રાષ્ટ્રની સંભાવના વધી જાય એક મહાન રાષ્ટ્રની રચના શકય બને અને મહાન રાષ્ટ્રો એક મહાન દુનિયા બનાવી સુખ– સંપતિથી ભરપૂર થઈ શકે.

## દીકરા અને દીકરીમાં શું ફરક છે ?

દીકરો વારસ છે, તો દીકરી પારસ છે. દીકરો અલ્પ છે, તો દીકરી વિકલ્પ છે. દીકરો દવા છે, તો દીકરી દુઆ છે. દીકરો સંસ્કાર છે, તો દીકરી સંસ્કૃતિ છે. દીકરો સંપતિ છે, તો દીકરી સન્મતિ છે. દીકરો યાચના છે, તો દીકરી પ્રાર્થના છે. દીકરો વંશ છે, તો દીકરી અંશ છે. દીકરો અરજ છે, તો દીકરી ફરજ છે. દીકરો આન છે, તો દીકરી શાન છે. દીકરો ભાવ છે, તો દીકરી સ્વભાવ છે. દીકરો ભાગ્ય છે, તો દીકરી સૌભાગ્ય છે. દીકરો આશ છે, તો દીકરી સુવાસ છે. દીકરો તન છે, તો દીકરી મન છે.દીકરો ગીત છે, તો દીકરી સંગીત છે. દીકરો ધરમ છે, તો દીકરી નરમ છે. દીકરો આનંદ છે, તો દીકરી પરમાનંદ છે. દીકરો નમ્ર છે, તો દીકરી વિનમ્ર છે.દીકરો જ્ઞાતા છે, તો દીકરી વિધાતા છે.

**સંકલન: ખ્યાતિ ધ્રુવ**

**ચોપડીઓનાં જ્ઞાનને મગજમાં ઉતારવું એ જ સાચી વિદ્યા છે.**

## જેન્ડર આધારિત હિંસા અને યૌનિકતા

સ્ત્રીઓ પર થતી હિંસા એ સર્વે સ્વીકાર્ય બાબત છે. પરંતુ મોટાભાગનાં હિંસાનો ભોગ બનેલ કેસોમા હિંસા બાબતે જેન્ડર આધારીત દખલગીરી થતી નથી. આ નબળી દખલગીરી ના કારણે જાતીય ભેદભાવો અને સંઘર્ષ ઉભા થાય છે જેથી પીડીત મહિલાને ત્રાસ ભર્યા સંબંધ માંથી બહાર લાવવા વધારે સાચી સમજ આપે તેવા સહકારની જરૂર છે. આ ઉપરાંત યૌનિકતાના મુદ્દે ઘણા બધા કિસ્સામાં આપણે દખલગીરી કરવાનું ટાળીએ છીએ. અને યૌનિકતાના મુદે કાર્ય થતું નથી.

ઉપરોકત બાબતોની સમજ વધારવા નેટવર્ક સાથે જોડાયેલ સ્ટાફનું ક્ષમતાવર્ધન થાય તે હેતુથી તા. ૭ થી ૧૦ ફેબ્રુ'૧૨ના રોજ સૌરાષ્ટ્ર કચ્છ નેટવર્ક ઓન વાયોલન્સ અગેઈન્સ્ટ વીમેન જનવિકાસ તાલીમ સેન્ટર ખાતે યોજાયેલ તાલીમમાં સંસ્થાના ત્રણ પ્રતિનિધિ જોડાયા હતા.

આ તાલીમનો મુખ્ય ઉદેશ જેન્ડર આધારિત હિંસા પર કામ કરતી સંસ્થાઓની ક્ષમતા વધારવાનો હતો. જેમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. હિંસાનો ભોગ બનેલ બધાની જરૂરીયાતોને સારી રીતે સમજવી તેમાં અત્યારે બાકાત થયેલા છે તેવા બધાનો સમાવેશ થાય છે.કારણકે એવું માનવામાં આવે છે કે તેમણે જેન્ડર અને યૌનિકતાને લગતા નિયમોનો ભંગ કર્યો છે. તેમાં સ્ત્રી સમલૈગિંકતા (Lesbian) અને પ્રિલૈગિંકતા (Bisexaul) મહિલાઓ, જાતીય સંબંધમાં હોય તેવી મહિલાઓ, પરાલિંગી (Transgender) લોકો અને જાતિકર્મી (Sexworkers)નો સમાવેશ થાય છે, હિંસાનો ભોગ બનેલી મહિલાઓને તેમની જરૂરીયાત અને રસના આધારે અનેક પ્રકારની પસંદગીઓ પુરી પાડવી.(સમાધાન થયું હોય તે સિવાયના), વ્યકિતગત કેસોમાં અસહમતિથી સહમતિ વધારવાની ક્ષમતા વધારવી, ખાસ કરીને એવી પરિસ્થિતિમાં જયાં કહેવાતુ કુંટુંબનુ માન ઘવાતું હોય, કેસના કાર્યકર્તાનો અભિગમ અધિકાર આધારિત વધારે અને પૂર્વગ્રહયુકત ઓછો રહે. એવા કેસો જેમાં હિતોનો સંઘર્ષ ઉભો થતો હોય, શા માટે મહિલાઓ ત્રાસ આપતા પતિ પાસે પાછી જવા ઈચ્છે છે તે અંગેની સમજ વધારવી (મહિલાઓની જાતીય જરૂરીયાતો તેમજ અત્યાર સુધી ધ્યાન ન આપ્યા હોય તેવા મુદ્દાનો સમાવેશ) અને આવી પરિસ્થિતિઓમાં પ્રતિક્રિયા આપવાની ક્ષમતા વધારવી.

સંસ્થાની મીટીંગોમાં જેન્ડર, યૌનિકતા વિશે માહિતી આપશે.ન્યાય સમીતી, પેરાલીગલ બહેનો બધાને ઉંડાણપૂર્વક સમજ આપશે, રજીસ્ટર ફોર્મમાં બદલાવ લાવવા, પ્રયત્ન કરશે, કાઉન્સેલીંગમાં યૌનિકતાનો મુદ્દો ઉમેરાશે વગેરે આયોજનમાં લેવાયુ છે.

## ૩૬૫ વર્ષનાં દિવસોમાંથી વિદ્યાર્થીઓ માટે વિચિત્ર વર્ષની ગણતરી

*વિદ્યાર્થી નાપાસ થાય તેમાં તેનો કોઈ દોષ નથી કારણ કે વર્ષમાં ફકત ૩૬૫ દિવસ હોય છે.*

રવિવાર : વર્ષમાં ૫૨ રવિવાર આવે છે. અને તે આરામના દિવસો હોય છે એટલે ૩૬૫ માંથી રહ્યાં ૩૧૩ દિવસ.

ઉનાળું વેકેશન : ૫૦ દિવસનું ઉનાળુ વેકેશન હોય એટલે ગરમી ખૂબ હોય અને ભણવું મુશ્કેલ બને આથી બાકી રહ્યા ૨૬૩ દિવસ.

ઊંઘ : દરરોજ ૮ કલાકની ઉંઘ જોઈએ એટલે કે વર્ષમાં ૧૨૨ દિવસ ઉંઘના થાય તો બાકી રહ્યાં ૧૪૧ દિવસ.

રમત ગમત : દરરોજનાં ૧ કલાક રમવા પાછળ જાય, સારી તંદુરસ્તી માટે રમવાના દિવસો વર્ષમાં ૧૫ દિવસ થાય તો બાકી રહ્યાં ૧૨૬ દિવસ.

ખાવા–પીવામાં : દરરોજ લગભગ ૨ કલાક ખાવા–પીવા માટે કારણ કે ખાવાથી જીવન મળે, ચાવીને શાંતિથી ખાવા માટે ૩૦ દિવસ વર્ષમાં થાય તો બાકી રહે ૯૬ દિવસ.

વાતચીત : વિદ્યાર્થી એ માનવી છે અને માનવી સામાજીક પ્રાણી છે તે લગભગ ૧ કલાક વાતચીત કરે છે એટલે કે વર્ષમાં ૧૫ દિવસ તો બાકી રહ્યાં ૮૧ દિવસ.

રજાઓ : દિવાળી, હોળી, નવરાત્રી, ઉતરાયણ જેવાં અન્ય ધાર્મિક તહેવારોનાં વર્ષમાં ૪૦ દિવસ તહેવારોના થાય. તો બાકી રહ્યાં ૪૧ દિવસ.

માંદગી : વર્ષમાં ૩ દિવસ માંદગીનાં તો થાય જ તો બાકી રહે ૩૮ દિવસ.

મોજશોખ : વર્ષમાં ૨ દિવસ મોજશોખમાં જાય એટલે કે ફિલ્મો, ટી.વી. જોવામાં વગેરે તો પછી બાકી રહ્યાં ૩૬ દિવસ.

પરીક્ષાઓ : હવે આ બાકીના ૩૬ દિવસની અંદર કુલ ૩૫ દિવસની પરીક્ષાઓ પાછળ બગડે છે. તો બાકી રહ્યો ૧ દિવસ.

૧ દિવસ : અને આ બાકી રહેલો ૧ દિવસ એટલે કે મારો જન્મદિવસ અને આ દિવસે મારી પાર્ટી હોય.

***આમ, તમે જ વિચારો કે વિદ્યાર્થી કયારે વાંચે ? અને પરીક્ષામાં કેમ કરી પાસ થાય ?***

***વિદ્યા એ તો પુરુષની અનુપમ કીર્તિ છે.***

## રીસોર્સ ઓર્ગેનાઈઝેન પરામર્શ

તા. ૧૮ થી ૨૦ ફેબ્રુઆરી'૧૨ દરમ્યાન આરઓ પરામર્શ બેઠક શ્રીમદ રાજચંદ મીશનમાં યોજી હતી. સંસ્થાના કાર્યકરોમાં કોમ્યુનીટી મોબીલાઈઝર, સુપરવાઈઝર, વહીવટી અધીકારી, ડોકયુમેન્ટ ઓફીસર, જેન્ડરએકસપર્ટ, એકાઉન્ટન્ટ, સીઈઓ, આઉટરીચ વર્કર અને કાઉન્સેલર ટીમલીડર, ફીલ્ડવર્કર જેવી ભૂમિકા અને તેની જવાબદારીઓની ચર્ચાથી પ્રથમ દિવસની બેઠક શરુ થઈ.જેન્ડર એજયુકેશન પ્રાથમિક શાળામાં બાળકોને અપાઈ રહયુ છે ત્યારે આપણે આ મુદાને સારી રીતે લક્ષીત સમૂહમાં રાખવો જોઈએ. જે દેડકા અને દેડકીની વાર્તાથી સમજવા પ્રયાસ થયો. ગુજરાત વાનિકી વિકાસ યોજના વિશે માહિતી અને કરેલ કામગીરી વિશે **રીસોર્સ ઓર્ગેનાઈઝેન** ટીમ સાથે ચર્ચા થઈ વધુમાં તેમના આયોજનમાં વાછરડી,



જીવીકા તથા આરોગ્ય જાગૃતિમાં સીકલ સેલની વાત કરી.

બીજા દિવસે ફિલ્ડ વીઝીટ માટે પીપરોળ (એસએચજી–જલારામ મંડળના દફતર જાળવણી તથા કાર્યસંચાલન બાબતે જુથના સભ્યો સાથે પ્રશ્નોતરી તથા રોજના રૂા. ૨૫૦ થી ૩૦૦ સુધીની રોજી મેળવતા એક યુનિટની મુલાકાત), સામરસીગી (રામકૃષ્ણ સહભાગી મંડળીની મુલાકાત અને તેના દવારા તૈયાર થયેલ ૪૦ હેકટરનુ પ્લાન્ટેશન જોયુ જેમાં સાદડો, બોદાર, પંચકુટી, કરમદી, અર્જુન, કાજુ વિગેરે ઉછેરેલ વૃક્ષોની વિગતો મંડળીના પ્રતિનિધિઓએ આપી) તેમજ ખોબા ગામે થયેલ ૨ થી ૩ એકરના કલ્ટીવેશન (કેળા) પ્લોટની મુલાકાત ગામની મંડળીના મંત્રી સાથે કરી આંકડાકીય વિગતો મેળવી હતી. આમ, વિવિધ જાણકારી પ્રતિભાગીઓએ મેળવી આરઓ ટીમ સાથે ચર્ચા કરી હતી.

***વિદ્યા સમાન શરીરને શોભાવનાર બીજી કોઈ વસ્તુ નથી.***

ત્રીજા દિવસે આપતિજન્ય જોખમો સંદર્ભે શ્રી મયંકભાઈ જોષીએ સંસ્થાના કાર્યકરો સાથે વાર્તાલાપ કર્યો જેમાં તેમણે આપતિથી માનવજીવન પર થતી અસર અને મદદ કરતી એજન્સીઓ અને વહિવટી તંત્રોએ લેવાતા પગલાઓ ઉદાહરણ સાથે સમજાવ્યા હતા. તેઓએ આફ્રિકાની તારાજી વખતે ઘણી સંસ્થાઓ ત્યાં મદદ કરવા ગઈ હતી. ઘણા વર્ષો મદદ કર્યા બાદ તેઓએ જયારે મુલ્યાકન કર્યુ ત્યારે જેટલી લોકોને મદદ પુરી પાડવી જોઈએ એ પુરી કરી શકયા નહી તેમ જણાયુ. એટલે આકલન, માહિતીનું આદાન–પ્રદાન તેમજ કુશળતા ઉપરાંત પાણી અને સ્વચ્છતા, ખોરાક સલામતી, સંવેદનશીલ જુથો, આવાસ– વસાહત, અખાધ સામગ્રી, સ્વાસ્થ્ય  સંબંધી, સંકલન, પૂર્વ ચેતવણી અને આબોહવા વગેરે વિશે જણાવ્યું.

શ્રી નટુભાઈ મકવાણાએ પોતાની આગવી શૈલીમાં પ્રોજેકેટ, પ્રોગ્રામ અને ચળવળ અંગે સમજ આપી



ત્યારબાદ પ્રદાન સંસ્થાના સંગઠનનુ માળખુ, કામનો અભિગમ, સંગઠન લેવલે શુ કરી શકાય વગેરે મુદાઓ ઉપર ચર્ચા કરી. આપણી આસપાસ જે માળખા અસ્તિત્વમાં છે તેને કેવી રીતે ચાલુ રાખી શકીએ અને તેને ધ્યાનમાં રાખી પ્લાન કરી સંકલીત પ્રપોજલ બનાવવી જોઈએ કે જેથી તે માળખાઓની ઉપલબ્ધ સગવડોનો ઉપયોગ થઈ શકે અને જરૂર હોય તે મુજબ લોન/અનુદાન માંગણી દરખાસ્તો તેમજ "કોનો વાંક" વિશે સમજ આપી હતી. ઉપરાંત ઘણાં મુદ્દાઓ ચર્ચામાં લીધા બાદ તેઓ સંસ્થાને બીઝનેસ પ્લાનમાં મદદ કરશે તેમ જણાવ્યુ હતું.

ધરમપુર ઓફીસ પર યોજાયેલ પ્રતિભાવ સેસન બાદ સમાપન કરવામાં આવ્યુ હતું.

**ચારિત્ર એટલે સારી ટેવ, સારી ટેવ પાડવાથી જીવન સુંદર અને સુઘડ બને છે.**

## કોમનમેન

<u>એકવાત :</u> આતંકવાદી હુમલામાં અનેક નિર્દોષ લોકોના જીવ ગયા. એક પણ આતંકવાદી નથી પકડાયો કે નથી આ દિશામાં કોઈ ઠોસ કદમ લઈ શકયા. વિસ્ફોટ પછી દેશમાં રેડઅલર્ટ જાહેર કરાય, તપાસ પંચ નિમાય, રાજયોમાં ચેંકિગ સઘન બનાવાય છે. આવું બધું કર્યા પછી પણ આતંકવાદી પકડાતા નથી.

સતાવાહકોની બેફીકરાઈ અને પ્રજાની ઉદાસિનતા હોય ત્યાં આવા કૃત્યો થતા રહેશે. સુકલકડી જેવા બે ચાર આતંકવાદી દેશ આખાને બાનમાં લે જેમ મહોલ્લામાં છોકરાઓ સુતળી બોમ્બ ફોડે તેમ આતંકવાદીઓ ભરબજારોમાં, ન્યાયાલયોમાં, સંસદમાં, મંદિરોમાં ગમે ત્યાં, ગમે ત્યારે ખુનની હોલી ખેલીને જતા રહે છે. આપણે તેનો વાળ વાંકો કરી શકતા નથી. આ આપણા દેશની કરૂણતા છે. ઈઝરાયલ કે ચિનમાં છુપાયેલા આતંકવાદીઓને પકડી કરવામાં આવતી કઠોર સજા જોયા પછી કોઈ આતંકવાદી તેની આંખ ઉચી કરી શકતો નથી.

પુરા જોશ–તાકાતથી, રણનિતી ઘડીને આ બાબતનો નિવેડો લાવવો જોઈએ. હું નહી પુરી પ્રજા આવું ઈચ્છે છે.

<u>બીજી વાત :</u> એ તો જે વિચાર પ્રયોગશાળામાં કસાઈ ચુકયો હશે અને જમાનાની માંગને અનુરૂપ હશે તેજ વિચાર સમાજમાં ફેલાવાનો છે. કહેવાનો સાર એકે વિચારકાર્ય સાધક હોવો જોઈએ. આવા વિચારો જયારે દુનિયાની સામે મુકીએ છીએ ત્યારે મુકનારો તો નિમિત માત્ર હોય છે એની કશી કિંમત નથી હોતી.

આવા વિચારો લોકોને સહેલાઈથી ગળે ઉતરી જાય છે પછી ઉનાળામાં તપેલી જમીનની જેમ વરસાદની રાહ જોતી હોય છે. ને વરસાદ વરસતાની સાથે એને ચુસી લે છે તેવી જ રીતે યુગ અનુસારનું યુગ પ્રવર્તક અને કાર્યસાધક એવો વિચાર જનતાની સામે રજુ થાય છે. ત્યારે જનતા ખોટી વિમાસણમાં નથી પડી જતી એતો ઉલટી એને સંભાળવાની ઉત્સુક હોય છે. આજે હિન્દુસ્તાનમાં ગમે ત્યા જાવ એકજ ફરીયાદ કાને પડે છે, આપણું નૈતિક અધઃપતન થઈ રહયુ છે. લોકો વાસનામાં સબડી રહયા છે, આ નીંદા પરનીંદા નથી આત્મનીંદા છે પોતાની જાતને ભોગવિલાસી માનનારો સમાજ પણ ત્યાગનો સંદેશો સાંભળવા ઉત્સુક છે. લોકો હજારોની સંખ્યામાં આવે છે, આ સંદેશો સાંભળે છે પછી કોઈ તરસ્યો એકાગ્ર થઈને પાણી ગટગટાવે છે તેમ ભોગી લોકો પણ એકાગ્ર થઈને ત્યાગનો સંદેશો સાંભળે છે કારણકે એ વીના એમની પ્રગતી અટકી પડે છે. હવે ભોગી લોકોને પણ એ સમજાય ગયું છે કે ભોગની સાથે સાથે ત્યાગ ચાલશે ત્યારે જ ભોગ ભોગવી શકવાના છે.

**સંકલન : મનસુખ વેકરીયા**

***વિશ્વાસ જીવનની શકિત છે. વિશ્વાસ બધાં જ વરદાનનો આધાર છે.***

## ચાઈલ્ડ લાઈન ઈન્ડિયા ફાઉન્ડેશન

અમરેલી જીલ્લામાં કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે ચાઈલ્ડ લાઈન ઈન્ડિયા ફાઉન્ડેશનની બેઠક બહેરા મુંગા શાળામાં તા.૧૬/૨/૧૨ ના રોજ યોજાઈ હતી. જેમાં ૬ સંસ્થાના પ્રતિનિધિએ ભાગ લીધો હતો. મીટીંગની શરૂઆત સ્વાગત –પરીચય વિલાસીની દ્વારા થયો. જેમાં ચાઈલ્ડ લાઈન ઈન્ડિયા ફાઉન્ડેશન બાળકો માટે મદદ કરવા ફ્રિ–કોલ ૧૦૯૮ હેલ્પલાઈન ચલાવે છે. જેમાં મુસીબતવાળા બાળકોને ૧ કલાકમાં તેની જરૂરિયાત આધારીત સેવા જેવી કે કાઉન્સેલીંગ, પુનઃવચન પ્રોટેકશન હોસ્પિટાલીટી, સેલ્ટરહોમ, વગેરે સુવિધા પૂરી પાડવામાં આવે છે. જીલ્લા સ્તરે કોલોબ્રેટીવ સંસ્થા જેમાં ૨૪×૭ કાર્યરત રહેવું પડશે અને કોલ આવતા તાત્કાલ મદદ માટે જવું. આ ઉપરાંત કેમ્પેઈન તાલીમો વગેરે કરવાનું રહશે. તાલુકા સ્તરે સપોર્ટ સંસ્થા કાર્ય કરશે જે કોલોબ્રેટીવ ને મદદ કરશે.

<u>કેવા બાળકોને મદદરૂપ થઈ શકાય.</u>

શેરીમાં રખડતા બાળકો, નશા કરવાવાળા, ગુમ થયેલા બાળકો, શોષણ વાળા બાળકો બાળ મજુર, એચઆઈવીગ્રસ્ત બાળકો

<u>શુ મદદ આપી શકાય.</u>

મેડીકલ, શેલ્ટરહોમ કે ડોર સેન્ટર, મા બાપ, મેબાપ,ઈમોશનલ સપોર્ટ, કાઉન્સેલીંગ, અંતિમ સંસ્કાર, માહિતી માટે ફોન ચેટીંગ ફોન.

## દેખરેખ અને મુલ્યાંકનના સાધનોનો ઉપયોગની તાલીમ

દેખરેખ અને મુલ્યાંકનના સાધનોનો સહભાગીથી ઉપયોગ કઈ રીતે કરી શકાય, સહભાગીથી આપણા કાર્યને કઈ રીતે ઓળખી શકાય, સતત આવતા પરીવર્તનની દેખરેખ કેમ રાખવી તથા દસ્તાવેજીકરણની રીતને સમજવા માટે તા. ૩૧ જાન્યુ તથા ૧ ફેબુ ૨૦૧૨ના રોજ ઓકસફામ દ્વારા જનવિકાસ અમદાવાદ ખાતે તાલીમ યોજાઈ હતી જેમા ગુજરાતની પાર્ટનર સંસ્થાના પ્રતિનિધિઓ હાજર રહયા હતા. એસકેવાવમાંથી અશોક શેંલાર તથા જીજ્ઞાજોષી સહભાગી થયા હતા. જેમાં દેખરેખ અને મુલ્યાંકનનું માળખુ, પરીવર્તનની દેખરેખ, સહભાગીતા ની દેખરેખ રાખતા સાધનોની કીટ, ગ્રામ્યવિસ્તારની સામાજીક માપણી, સીબીઓનું બંધારણ કેસમેપીંગ વગેરે શીખવા મળ્યું હતું.

**<u>પ્રિય વાચક મિત્રો,</u>**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે. **– ટપક ટીમ**

***વિશ્વાસ એવું પક્ષી છે જે પ્રભાતના પહેલાં અંધકારમાં પ્રકાશનો અનુભવ કરાવે છે.***

**Well wisher of this month**

| | |
|---|---|
| Manu Bhatnagar | 542 |
| Harshad Patel | 250 |
| Biswajit Dhar | 200 |
| Hari Sudhan | 200 |
| Nayan Panchal | 100 |
| Prasad Bhogale | 50 |
| Ritesh Singh | 50 |
| Rikta Mathuly | 150 |
| Sheetal Kambli | 50 |
| Yogesh Salvi | 150 |
| Rajesh Thakur | 250 |

**Engage on this month**

| | |
|---|---|
| 1-2 | Attend Prxis training, A'bd. |
| 7-10 | Attend training on Gender based violence and sexuality, A'bd. |
| 16 | Meeting with childline India orgnisation. |
| 18-20 | Training cum exposr with RO Dharampur (Valsad). |
| 22 | SHGs credit linkage meeting with ICICI at Khambha. |
| 24 | Inter agency group (DRR) meeting, A'bd. |
| 24 | Aser volunteer meeting at Amreli. |

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMI-91/2008**
**Valid Upto 31/12/2011**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK
ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**અભિમાન નરકનું દ્વાર છે.**